## લેબોરેટરી તથા એક્સ-રે ટેકનીશીયનના તાલીમ અંગેની સુચનાઓ અને શરતો

૧. અરજદારની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે.૨૦/૦૭/૨૦૨૨ના રોજ ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવાર માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

૨. આ તાલીમ કોર્ષ માટેની અરજી વેબસાઇટ પર મુકવામાં આવેલ નિયત નમૂના પ્રમાણે કરવાની રહેશે. તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીની જમણી બાજુએ ચોંટાડવાનો રહેશે. અધૂરી તેમજ મોડી આવેલ તથા સહી વિનાની અરજીઓ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

૩. અરજીપત્રક સાથે એચ.એસ.સી, બી.એસ.સી. ના તમામ વર્ષની તથા તમામ સેમેસ્ટર/વર્ષના માર્કશીટની નકલો. ટ્રાયલ સર્ટીફિકેટ, તથા એચ.એસ.સી, બી.એસ.સી ના પાસીંગ પ્રમાણપત્ર, જન્મના પુરાવા માટે સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ ની સ્વ પ્રમાણિત નકલો બીડવાની રહેશે. અરજીમાં પોતાનું ઇ-મેલ આઇ.ડી. અને ફોન નંબર દર્શાવવા જરુરી છે. અધુરી આવેલ અરજી રદબાતલ ગણાશે અને તેમની પાછળથી આવેલ કોઇ પણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

- સરકારશ્રી તરફથી નકકી થયેલ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ(EWS) અનામતનો લાંભ મેળવવા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૧૯ ના ઠરાવ મુજબનું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તેવા જ ઉમેદવારો અનામતનો લાભ મેળવવા હકદાર રહેશે.
- અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર અને એસ.ઈ.બી.સી. ઉમેદવારોએ સરકાર માન્ય નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- શારીરિક અશક્ત (Physically Handicapped) ઉમેદવારોએ સરકારશ્રી દ્વારા જાહેર કરેલ મેડીકલ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે .
- પસંદગી પામેલ ઉમેદવારોએ અત્રેની કોલેજના તાલીમ આપતાં વિભાગોમાં પૂરા સમય માટે તાલીમ લેવાની રહેશે. તાલીમના સમય દરમ્યાન કોઈ પણ જાતનું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે નહી. રહેઠાણની સુવિધા આપવામાં આવશે નહી. લાયબ્રેરી પાસ કે બસ માટે બોનોફાઈટ સર્ટીફીકેટ આપવામાં આવશે નહી. તાલીમનો સમય પૂરો થાય ત્યારે નિયમ મુજબ પરિક્ષા પાસ કરવાની રહેશે.

૪. મેરીટ લીસ્ટ ઓનલાઇન કરવામાં આવશે, તો વેબસાઇટ ચેક કરતાં રહેવું. ત્યારબાદ મેરીટ પ્રમાણે સીટોની વહેંચણી થયે તમોને જોઇનીંગ ઓર્ડર આપવામાં આવશે. તો પસંદગી પામેલ ઉમેદવારે દિન-૦૪માં કોર્ષમાં જોડાવાનું રહેશે. સમય મર્યાદા પછી આ જગ્યા પર તેઓનો કોઇપણ હક્ક દાવો રહેશે નહીં. જો ઉમેદવાર નિયત સમયમર્યાદામાં નહીં જોડાય તો તેઓની જગ્યા તેમના પછી મેરીટમાં આવતા લાયક ઉમેદવારોને ફાળવવામાં આવશે.

૫. રેગ્યુલર રાઉન્ડ ૨ થશે, અને MOP-UP રાઉન્ડ ૧ થશે. MOP-UP રાઉન્ડ અંતિમ રાઉન્ડ રહેશે. ત્યારબાદ ખાલી રહેલી જગ્યા પર એડમીશન આપવામાં આવશે નહી જેની નોંધ લેવી.

૬. ખાતાકીય (ઈન સર્વિસ) ઉમેદવારો માટે ૩૮(એમ.એલ.ટી), ૩૮(એક્સ-રે) બેઠકો હોય આ બેઠકો પર ખાતાકીય ઉમેદવારો નહી મળે તો આ જગ્યાઓ ભરવાની સરકારશ્રી દ્વારા મંજુરી મળ્યેથી આ બેઠકો સીધી ભરતી ના ઉમેદવારોથી ભરવામાં આવશે.

૭. વધુમાં સરકારશ્રી દ્વારા બેઠકોમાં વધારો/ઘટાડો થશે તે મુજબ જગ્યાઓ ભરવામાં આવશે, તે દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

ખાસ નોંધ:- હાલમાં ચાલતી કોરોનાની મહામારીને કારણે કોવીડ-૧૯ની ગાઇડલાઇન મુજબ સોશ્યલ ડીસ્ટન્સનું પાલન તેમજ માસ્ક પહેરવું ફરજિયાત છે.

ડીન,
સરકારી તબીબી મહાવિદ્યાલય,
સુરત